| ગાંધીનગર તાપમાન | |
|---|---|
| મહત્તમ | ૪૦.૦ ડીગ્રી |
| લઘુતમ | ૨૬.૫ ડીગ્રી |
| ભેજ | સવારે ૫૯ ટકા ● સાંજે ૩૫ ટકા |

# ઉનાળુ વેકેશનમાં બરફગોળા આઈસ્ક્રીમ ઓન ડિમાન્ડ

## મહાત્મા મંદિર આસપાસ લારીઓની લાઈનો લાગી : સાંજ પડતાં જ ખાણીપીણી બજારમાં સ્વાદરસિકો ઉભરાયા



ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં ઉનાળુ વેકેશનની જમાવટ દેખાઈ રહી છે. સ્કુલો અને કોલેજોમાં રજાઓ પડવાથી શહેરમાં સાંજ થતાંની સાથે ખાણીપીણી બજારથી લઈ બગીચાઓમાં માનવ મહેરામણ ઉભરાઈ રહયું છે તેમાંય શનિ-રવિ તો બજારમાં જમાવટ જોવા મળે છે. વેકેશન ઉપરાંત લગ્નસરાની મોસમના કારણે બજારમાં ખરીદીનો માહોલ છવાયો છે. શહેરના ફુટપાથો ઉપર ઉનાળુ મોસમ દરમિયાન ઠંડી ખાણીપીણી જેમાં બરફગોળા, કુલ્ફી, આઈસ્ક્રીમ, લીંબુ શરબત, શીકંજી, શેરડીનો રસ, કેરીનો રસ વગેરેની લારીઓનો જમાવડો રહે છે જે હાલમાં ઘ-૩થી મહાત્મા મંદિર વિસ્તારમાં સાંજ પડતાં લારીઓની લાઈનો જોવા મળે છે. જયાં ઉનાળુ વેકેશન પડતાંની સાથે મોડી સાંજ સુધી સ્વાદરસિકોની ભીડ વર્તાય છે. મહાત્મા મંદિર ગાંધીનગરાઓ માટે હોટ ફેવરીટ સ્થળ બની ગયું છે. જયાં ગ્રીનરીમાં નાના બાળકોથી લઈ



તમામ વયસ્કો જોવા મળે છે. ઠંડી ખાણીપીણી ઉપરાંત પણ અહીંયા ગરમાગરમ લાઈવ ફુટ પણ મળતું હોવાથી સાંજ પડતાં સ્વાદરસિકોની અવરજવર વધી જાય છે. ઉનાળામાં સૌથી વધુ શેરડીનો રસ, કેરીનો રસ, બરફગોળા, આઈસ્ક્રીમ, કુલફી જેવી ખાણીપીણી આરોગવામાં આવતી હોય છે તેથી હમણાં અન્ય ફાસ્ટફુડની લારીઓમાં ઘરાકી ઘટી જાય છે. નાના બાળકોથી લઈ તમામને મનપસંદ રંગબેરંગી બરફગોળાની લારીઓના શણગાર પણ લાજવાબ છે. પ્રેમમેવાડ, રાજધાની, દર્શન આ ત્રણ નામના બરફગોળાના સેન્ટરો ખુબ જાણીતા બન્યા છે. જેમાં બરફગોળાના ફલેવર પણ લાજવાબ હોય છે. લોકો હમણાં પાણીપુરીને રીપ્લેસ કરીને બરફગોળા ખાવાનું પસંદ કરે છે. જો કે વધતી જતી મોંઘવારીના કારણે બરફગોળાના ભાવમાં પણ વધારો થયો છે સાથે જ લીંબુના ભાવમાં ઉછાળો હોવાથી લીંબુપાણી, શીકંજી મોંઘા થયા છે. આમ ઉનાળુ વેકેશન દરમિયાન શહેરમાં ખાણીપીણી બજારોમાં ધમધમાટ રહેશે.

# ગ-દોઢ અને ખ-દોઢ વચ્ચેના માર્ગની પાસે નમેલો લોખંડનો થાંભલો યમદૂત સમાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના ગ-દોઢ અને ખ-દોઢ વચ્ચેના માર્ગ પાસે એક લોખંડનો થાંભલો નમીને અકસ્માતને આમંત્રણ આપી રહ્યો હોય તેવું દશ્ય ઉભુ થયું છે. આ માર્ગ ઉપરથી નજીક જ વિદ્યાર્થીઓ માટેના ક્લાસીસ ચાલે છે જેથી અહીંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પસાર થાય છે. તો થાંભલાને અડીને શ્રમજીવી વસાહત ઉભી થયેલી છે. ત્યાંના શ્રમજીવી લોકોની દૈનિક અવરજવર રહેતી હોય છે. ત્યારે ઘણા સમયથી પડુ પડુની સ્થિતિમાં નમીને ઉભેલો વજનદાર લોખંડનો થાંભલો ભારે અકસ્માતની શક્યતા ઉભી કરી રહ્યો છે. યમદૂત સમાન આ થાંભલો બિનજરૂરી હોવાનું જણાઈ રહ્યુ છે છતાં તંત્ર દ્વારા યોગ્ય સમયસર પગલાં લેવાઈ રહ્યા નથી. અકસ્માતની દહેશતે પસાર થતા લોકો અને વાહનચાલકો ક્ષણભર માટે અટકી ધીમેથી પસાર




થઈ હાશકારો અનુભવે છે. મોટી જાનહાની થાય તે પહેલાં આ નમેલા થાભલાને દૂર કરવા લોકોની માંગ ઉઠી છે.



સાતમો સમૂહ લગ્ન ઉત્સવ, સમૂહ યગ્ન પવિત્ર સમુદ્ર કલોલ મુકામે આયોજન કરવામાં આવ્યું મોટી સંખ્યામાં ભૂદેવો હાજર હતા પ્રમુખ પ્રવીણભાઈ રાવલ સાથેની ટીમ ભૂદેવ જીવનસાથીના પ્રમુખ રાજેશભાઈ દવે, વિપુલભાઈ દવે, અલ્પેશભાઈ રાવલ, હરેશભાઈ દવે, ઈલાબેન જાની, અમિતભાઈ દવે, પ્રવીણભાઈ રાવલ, હર્ષદભાઈ ત્રિવેદી હાજર હતા

# પેથાપુર સ્વામિનારાયણ મંદિરનો આજે ભવ્યાતિભવ્ય પાટોત્સવ સંપન્ન થયો

## ઘનશ્યામ મહારાજ, રાધા-કૃષ્ણદેવના જળાભિષેક સાથે અન્નકુટનું આયોજન



ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર ગામમાં સ્વામિનારાયણ ભગવાનનું મંદિર આજથી અંદાજે ૨૫૦ વર્ષ પૂર્વે ભગવાન જયારે વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે સાબરમતી નદીના કિનારે વસેલા પેથાપુર ખાતે આવ્યા હતા અને સ્વયં આ મંદિરનું નિર્માણ કર્યુ હતું. ઘનશ્યામ મહારાજ તથા રાધાકૃષ્ણદેવ બિરાજમાન છે એવા આ પ્રસાદીના મંદિર ખાતે આજે ભવ્ય પાટોત્સવનું આયોજન કરાયું હતું જેમાં પેથાપુર સહિત આસપાસના ગામોના સત્સંગીઓ મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા. કાલુપુર સ્વામિનારાયણ મંદિરના તાબા હેઠળના મંદિર ખાતે આચાર્ય મહારાજ કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ અને લાલજી મહારાજના રાજીપા સાથે એમના માર્ગદર્શન હેઠળ મંદિરના મહંત સ્વામી અજય પ્રકાશદાસજીની ટીમે પાટોત્સવના આયોજન માટે જહેમત ઉઠાવી હતી. જેમાં ઘનશ્યામ મહારાજ અને રાધા કૃષ્ણદેવનો સંતો મહંતો દ્વારા જળાભિષેક કરાયો હતો અને અન્નકુટનું આયોજન કરાયું હતું. યોજાયેલ સમારોહમાં સ્વામિનારાયણ સંપ્રદાયના મુળી, જેતલપુર, લીંબડી, કલોલ સહિત મંદિરના સંતો મહંતો એ પોતાના આશીર્વચનમાં ભગવાન સ્વામિનારાયણના અનેક પ્રસંગો ટાંકીને સત્સંગનો વ્યાપ વધારવા સૌ હરિભકતોને અનુરોધ કરીને સેવારત રહેવા અપીલ કરી હતી. મંદીરના સિંહાસનના પુનઃનિર્માણ માટે સંતો દ્વારા હાકલ કરાતા સૌ સત્સંગીઓએ દાનની સરવાણી વહાવી હતી. મંદિરના મહંતે એમના પ્રતિભાવમાં માત્ર સાત મહિનાના ગાળામાં ગામના સત્સંગીઓ દ્વારા મળેલ સહયોગને બિરદાવ્યો હતો. આ પ્રસંગે મંદિર ખાતે અન્નકુટની આરતી બાદ ભોજનનું પણ આયોજન કરાયું હતું.

### આજે સે-૩/સી ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૭


મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩/સી દ્વારા આનંદનો ગરબો શાન્તાબેન એસ મકવાણાના નિવાસ સ્થાને પ્લોટ નં.૫૫૪/૨, સે-૩/સી ખાતે સોમવારે બપોરે ૨ થી ૫ કલાકે આનંદનો ગરબો યોજાશે.

### ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાઘેલા ભીખુસિંહ રજુજી ઉ.વ.૫૪, લેકાવાડા
- સ્વ.વાઘેલા લીલાબેન વિઠ્ઠલભાઈ ઉ.વ.૬૯, ધણપ
- સ્વ. હરખચંદ દામજી ઉ.વ.૮૧, અડાલજ

## જન્મદિને વધામણી



શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
પૂર્વ શિક્ષણમંત્રી



પટેલ જશુભાઈ રમણભાઈ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



ડો. ગાયત્રીબેન બારોટ
આચાર્ય, નીમા આર્ટ્સ કોલેજ
મો.૭૯૨૩૨૯૬૧૫,૯૯૭૪૧૩૬૩૧૭



ભાગ્યશ્રી ઉમંગ લીંબાચીયા



તસવીર
શિલ્પેશકુમાર પરમાર



હિરેનકુમાર વી રૂપાલા
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧



જયવર્ધનસિંહ રાઓલ
ચાવડા
મો. ૯૬૬૨૦ ૩૯૪૭૦



હની ડી ગજ્જર
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩



મનીષા એમ નાઈ
મો. ૭૦૪૩૮ ૨૮૨૬૪



રમેશભાઈ મોહનભાઈ પરમાર
ટ્રસ્ટી, સુરેન્દ્રનગર જિલ્લા
મિત્ર મંડળ, ગાંધીનગર
મો. ૯૯૭૯૦ ૮૨૯૬૨

# શહેરની સાથે છતાં લાગે જાણે શહેરથી વિખૂટું એવું પાટનગરનું આદિવાડા..!!

## આદિવાડાની સમસ્યાઓમાં દબાણ, પાણી અને પ્રોપર્ટી કાર્ડ મોખરે : જાહેર સાફસફાઇનો અભાવ, ઉભરાતી ગટરો અને સાંકડા થઈ ગયેલા બિસ્માર માર્ગો પણ ખરા : બાગ-બગીચા કે લગ્નવાડી અને સારી સ્ટ્રીટ લાઇટ જેવી શહેરી સુવિધાઓથી પણ વંચિત

ગાંધીનગર, તા.૭

આદિવાડા એટલે પાટનગરના માર્ગ નં.૭ને અડીને સેક્ટર ૨૭-૨૮ને સામે પારનું ગામ જે ગાંધીનગરને પાટનગર તરીકે વિકસાવવામાં સમાવાયેલા ગામો પૈકીનું ગામ જેમાં હજુ સુધી અસરગ્રસ્તોને પૂરતા લાભો મળ્યા નથી તેવી ફરિયાદ સાથે સાત ગામ અસરગ્રસ્ત મહામંડળમાં જેનો સમાવેશ થયેલો છે. આદિવાડા ગામના ખેડૂતોએ પણ પોતાની મહામૂલી જમીન પાટનગર નિર્માણમાં આપી




પરંતુ તેની સામે મળવાપાત્ર લાભો હજુ મળ્યાં નથી તેવો અસરગ્રસ્ત ગ્રામજનોને વસવસો તો છે પરંતુ સાથે સાથે શહેરમાં સમાવેશ કાર્યને વર્ષો વીતવા છતાં જે મેળવવાનો પહેલો હક છે તે શહેરી સુવિધાઓના નામે મીંડુ જ મળ્યું છે, ઉપરથી ગ્રામીણ આવાસ યોજનાના લાભ ના મળી શકે કે બાયપાસ માર્ગને કારણે સતત અકસ્માતનું જોખમ ગામના ઝાંપે જ ટાંપીને બેઠું હોય તેવી સમસ્યાઓ મળી તે નફામાં. ગામના અસરગ્રસ્તોની પોતાની મિલકતોના વધારાને નિયમિત કરવાની તો

> "મોટી સમસ્યા તો એ છે કે રોડ નં.૭ આદિવાડાને અડીને જ બનાવ્યો હોવાથી ગામમાંથી બહાર નીકળતાં જ ભારે વાહનો સહિતના ધસમસતા ટ્રાફિકનો સામનો કરવો પડે છે, જેના કારણે અનેકવાર ગમખ્વાર અકસ્માતો થઈ ચુક્યાં છે. આ સમસ્યા નિવારવા રોડ નં. ૭ સાથે જોડાતાં બળિયાદેવ મંદિર અને રબારી વાસ પાસેના બંને ખાંચે બબ્બે સ્પિડબ્રેકર બમ્પની જરૂરિયાત છે જે અંગે ઘણી રજુઆતો કરાઈ છતાં સત્તાધીશો તેને ગંભીરતાથી લેતા નથી. ગામમાં પાણીનો ફોર્સતો ધીમો જ મળે છે પરંતુ તે સાથે ગામમાં નથી કોઈ લગ્નવાડી-કૉમ્યુનિટી હૉલ બનાવાયા કે નથી કોઈ બગીચો બનાવાયો, નથી સિનિયર સિટીઝન પાર્ક કે ગામના બાળકો-યુવાનો માટે રમતગમતનું મેદાન પણ બનાવાયું નથી."
>
> - બિરબલ દંતાણી અને બળવંતસિંહ મકવાણા
> ગામના અગ્રણી નાગરિકો

બાકી જ છે ને રહી જતું હતું તે ગામમાં બહારથી આવીને વસેલા પરપ્રાંતિયોએ સરકારી કરેલા દબાણોની સમસ્યા વકરી છે જેથી તેમના કારણે ગ્રામજનોને પોતાનો હક પણ છીનવાઈ જશે તેની ફાળ પડી છે.

આદિવાડામાં હાલ તો આશરે ૪૦૦ જેટલાં ઘર સાથે ત્રણેક હજારની વસ્તી જેમાં મુખ્યત્વે દરબાર, ચાવડા, ઝાલા, મકવાણા, દેસાઈ, પ્રજાપતિ અને દંતાણી જેવા સમાજનો વસવાટ છે. વિવિધ

> "ગામમાં મુખ્ય માર્ગો દબાણોને કારણે સાંકડા થઈ ગયા છે અને ગામના આરસીસી રોડ ઉપર પણ ઘણાં ખાડા પડી ગયા છે. ગામમાં પીવાના પાણીનો ફોર્સ પૂરતો મળતો નથી તેથી નાગરિકોને ફરજિયાત ઈલેક્ટ્રિક મોટરથી પાણી ખેંચવું પડે છે જેથી ગ્રામજનોને વીજખર્ચનો પણ ભારે બોજ વેઠવાનો વારો આવે છે. અહીં જાહેર સાફ સફાઈમાં ભારે બેદરકારી સેવાય છે અને કચરો લેવા ગાડી અનિયમિત આવે છે. ગામમાં વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યા સતાવે છે જેને ઉકેલવા જ્યાં જુની ગટર લાઈન છે ત્યાં પણ નવી ગટર લાઈન નાંખવાની જરૂર છે. અદિવાડામાં સરકારી દવાખાનું કે અર્બન હેલ્થ કેર સેન્ટર પણ નથી જેથી બિમારીના સમયમાં નાગરિકોને છેક સેક્ટર-૨૪ કે સેક્ટર-૨૯ સુધી લાંબા થવું પડે છે."
>
> - બચુજી તખતજી મકવાણા
> ગામના અગ્રણી નાગરિક

દેવી-દેવતાઓના આશરે ૧૨ જેટલાં મંદિરો અને એક દરગાહ ધરાવતા આદિવાડામાં પણ દિવાળીના ગરબા તો પ્રસિદ્ધ છે તે સાથે મહાશિવરાત્રિએ રથમાં નીકળતી ભગવાન ભોળાનાથની પાલખી સાથેની શોભાયાત્રા ગ્રામજનોની આસ્થાના કેન્દ્ર છે. આદિવાડાની મુખ્ય સમસ્યા જે ગામના મૂળ કાયમી વતનીઓ છે તેમાથી કેટલાકને પ્રોપર્ટી કાર્ડ નથી મળ્યા જેને કારણે તેમના પરિવારોના વિસ્તરણને કારણે તેમણે પોતાની જ જમીન પર બાંધવા પડેલા મકાનોને નિયમિત કરાયા નથી જ્યારે જેમને પ્રોપર્ટી કાર્ડ મળી ગયા છે તેમને હવે નથી સરકારના સસ્તા દરની આવાસ યોજનાનો લાભ મળી શકતો કે ગ્રામ પંચાયત નાબુદ થઈ ગઈ હોવાથી છેલ્લા ૫૦ વર્ષ ઉપરાંતથી સરકારની વિવિધ યોજના જેવીકે હુડકો, ઈન્દિરા આવાસ, મુખ્ય મંત્રી આવાસ, પ્રધાન મંત્રી આવાસ યોજનાનો લાભ પણ મળી શક્યો નથી. વળી, ગ્રામીણ વિસ્તારમાં ગ્રામ પંચાયત દ્વારા અપાતી મકાન રિનોવેશન માટેની સરકારી સહાયથી પણ તેઓ વંચિત રહી જવા પામે છે. આદિવાડા ગામ ગાંધીનગર શહેરમાં ગ્રામીણ વિસ્તારમાં ગ્રામ પંચાયત દ્વારા અપાતી મકાન રિનોવેશન માટેની સરકારી સહાયથી પણ તેઓ વંચિત રહી જવા પામે છે.

આદિવાડા ગામ ગાંધીનગર શહેરમાં સામેલ હોવા છતાં ગામમાં નથી કોઈ લગ્નવાડી-કૉમ્યુનિટી હૉલ બનાવાયા કે નથી કોઈ બગીચો બનાવાયો, નથી સિનિયર સિટીઝન પાર્ક કે ગામના બાળકો-યુવાનો માટે રમતગમતનું મેદાન પણ બનાવાયું નથી. ગામમાં મુખ્ય માર્ગો દબાણોને કારણે સાંકડા થઈ ગયા છે અને ગામના આરસીસી રોડ ઉપર પણ ઘણાં ખાડા પડી ગયા છે. શહેરને અડીને જ ગામ હોવા છતાં ગામમાં પીવાના પાણીનો ફોર્સ પૂરતો મળતો નથી તેથી નાગરિકોને ફરજિયાત ઈલેક્ટ્રિક મોટરથી પાણી ખેંચવું પડે છે જેથી ગ્રામજનોને વીજખર્ચનો પણ ભારે બોજ વેઠવાનો વારો આવે છે. ગામમાં દરેક મહોલ્લામાં કચરાના ઢગલા થાય છે જેને લીધે કચરો રોડ ઉપર આવે છે ગંદકીથી ચોમાસામાં રોગચાળો ફેલાય છે. આદિવાડાના કેટલાક વિસ્તારમાં નવી ગટરલાઈન નાખવામાં આવી છે જે કેટલાક વિસ્તારમાં જૂની ગટરલાઈન છે તેની સાથે જોડી દઈને મોટી સમસ્યા પેદા કરી છે કેમકે બંને ગટરલાઈનની સાઈઝ અલગ અલગ હોવાથી જ્યારે જૂની લાઈન ચોકઅપ થાય ત્યારે નવી લાઈન પણ આપોઆપ ચોકઅપ થી જાય છે જેથી વારંવાર ગટર ઉભરવાની સમસ્યાને નિવારવા જે જૂની લાઈન છે તેને પણ બદલવી જરૂરી છે અને ત્યાં પણ નવી લાઈન નાખવાની જરૂર છે.










ત્રણ તરફ જીઆઈડીસી અને એક તરફ રોડ નં.૭થી ઘેરાયેલા

> "આદિવાડાની મુખ્ય સમસ્યા જે ગામના મૂળ કાયમી વતનીઓ છે તેમાથી કેટલાકને પ્રોપર્ટી કાર્ડ નથી મળ્યા જેને કારણે તેમના પરિવારોના વિસ્તરણને કારણે તેમણે પોતાની જ જમીન પર બાંધવા પડેલા મકાનોને નિયમિત કરાયા નથી જ્યારે જેમને પ્રોપર્ટી કાર્ડ મળી ગયા છે તેમને હવે નથી સરકારના સસ્તા દરની આવાસ યોજનાનો લાભ મળી શકતો કે ગ્રામ પંચાયત નાબુદ થઈ ગઈ હોવાથી છેલ્લા ૫૦ વર્ષ ઉપરાંતથી સરકારની વિવિધ યોજના જેવી કે હુડકો, ઈન્દિરા આવાસ, મુખ્ય મંત્રી આવાસ, પ્રધાન મંત્રી આવાસ યોજનાનો લાભ પણ મળી શક્યો નથી. આદિવાડા ગામના ખેડૂતોએ તો પોતાની મહામૂલી જમીનો આપી હોવા છતાં હક્કોથી વંચિત રખાયા છે. "
>
> - કેશરીસિંહ ચાવડા
> ઉપપ્રમુખ, શહેર સાત ગામ અસરગ્રસ્ત વસાહત મહામંડળ

આદિવાડા ગામની ગણના તો શહેરમાં થાય છે પરંતુ શહેરની જેમ ગામમાં જાહેર સાફસફાઈ નિયમિત રીતે કરાતી નથી, તેમાં બેદરકારી જોવા મળે છે. આરસીસી રોડ પણ તૂટેલા છે તે સાથે સાથે કેટલાક માર્ગો પર સ્ટ્રીટલાઈટના ધાંધીયા છે. વળી, સ્ટ્રીટલાઈટમાં પણ એલઈડીનો લાભ નથી અપાયો જેથી જૂની લાઈટોના કારણે પૂરતો પ્રકાશ નથી મળતો. અદિવાડામાં સરકારી દવાખાનું કે અર્બન હેલ્થ કેર સેન્ટર પણ નથી જેથી બિમારીના સમયમાં નાગરિકોને છેક સેક્ટર-૨૪ કે સેક્ટર-૨૯ સુધી લાંબા થવું પડે છે. ગામમાં પ્રાથમિક સ્કૂલ તો છે પરંતુ આંગણવાડી નથી અને ગામનું પોતાનું સ્મશાન પણ નથી જેના કારણે મહામારી જેવા સમયે અંતિમક્રિયા માટે સે.૩૦ના મુક્તિધામમાં વેઈટીંગમાં ઉભા રહેવું પડે છે.

જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી સામે જ હોવા છતાં ગામમાં નાની મોટી ચોરી ચકારીથી માંડીને દારૂના વેચાણ સુધીની બદી પણ નિયંત્રિત નથી કરાતી. આ સાથે એક મોટી સમસ્યા તો એ છે કે રોડ નં.૭ આદિવાડાને અડીને જ બનાવ્યો હોવાથી ગામમાંથી બહાર નીકળતાં જ ભારે વાહનો સહિતના ધસમસતા ટ્રાફિકનો સામનો કરવો પડે છે, જેના કારણે અનેકવાર ગમખ્વાર અકસ્માતો થઈ ચુક્યાં છે. આ સમસ્યા નિવારવા રોડ નં. ૭ સાથે જોડાતાં બળિયાદેવ મંદિર અને રબારી વાસ પાસેના બંને ખાંચે બબ્બે સ્પિડબ્રેકર બમ્પની જરૂરિયાત છે જે અંગે ઘણી રજુઆતો કરાઈ છતાં સત્તાધીશો તેને ગંભીરતાથી લેતા નથી.

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com